# હિંમતનગરમાંથી સોનાના દોરાની તફડંચી કરનાર શખ્સ ઝડપાયો

હિંમતનગર, તા.૧૯

હિંમતનગરના વિવિધ વિસ્તારોમાંથી તાજેતરમાં અજાણ્યા શખ્સોએ પાંચ સોનાના દોરાની તફડંચી કર્યાની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી ત્યારે શનિવારે મોડી રાત્રે એડીવીઝન પોલીસે પ્રાંતિજ તાલુકાના અમીનપુર ગામના એક શખ્સને ઝડપી લીધો હતો. આ શખ્સએ પુછપરછ દરમિયાન હિંમતનગરમાંથી બે દોરાની તફડંચી કર્યાનું કબુલ્યુ હતું.

આ અંગે પી.એસ.આઈ. એસ.એન.ગોહિલના જણાવ્યા મુજબ હિંમતનગરમાં છેલ્લા કેટલાક દિવસોથી અજાણ્યા શખ્સો બાઈક પર આવી મહિલાઓના ગળામાંથી સોનાના દોરા તોડીને ભાગી જતા હતા. જે અંગેની ફરિયાદો પણ પોલીસ સ્ટેશનમાં નોંધાતા પોલીસ તંત્ર હરકતમાં આવી ગયુ હતું.

બીજી તરફ પોલીસે શનિવારે મોડી રાત્રે શકના આધારે પ્રાંતિજ તાલુકાના અમીનપુર ગામના બળીયાવાસમાં રહેતા ભાથીજી ઉર્ફે અજીત બાપુજી મકવાણાને પકડયો હતો. ત્યારબાદ તેની કડક પુછપરછ કરાતા તેણે હિંમતનગરના વૈશાલી સિનેમા રોડ પર અને મહાકાળી મંદિર રોડ પર આવેલ શ્રધ્ધાપાર્ક પાસેથી ચાલુ બાઈકે સોનાના દોરાની તફડંચી કર્યાનું કબુલ્યુ હતું. જેથી પોલીસે તેની પાસેથી એક સોનાનો દોરો અને બાઈક કબજે લઈ રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી હતી.



## પાલનપુરમાં મસરતના પૂતળાનું દહન કરાયું

જમ્મુ કાશ્મિરમાં પાકિસ્તાની ધ્વજ ફરકાવવા બદલ મસરત આલમ સામે વિરોધનો જુવાળ ભભૂકી ઉઠયો છે. પાલનપુરના ગુરુનાનક ચોક ખાતે વિશ્વ હિંદુ પરિષદ દ્વારા મસરત આલમના પૂતળાનું દહન કરી વિરોધ નોંધાવાયો હતો. જમ્મુ-કાશ્મીરમાં પીડીપી સાથે ભાજપની સભા ભાગીદારી સરકાર અલગતાવાદી તત્ત્વો સામે ફૂણી પડી રહી છે. તે અંગે લોકમાનસમાં અસંતોષ વ્યાપી રહ્યો છે. દેશની ઈજ્જતના ભોગે ભાજપે સત્તા ભોગવવી જોઈએ નહી તેવો સૂર લોકો વ્યકત કરી રહ્યાં છે. (તસવીર : હરેષ જોષી)



(તસવીર : જય અમીન, મોડાસા)

અરવલ્લી જિલ્લામાં અકસ્માતની ઘટનાઓએ સામાન્ય ઘટનામાં રૂપાંતરીત થઈ રહી હોય તેમ રોજ બરોજ ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. જેમાં મોડાસા-શામળાજી હાઈવે પર બેફામ ગતિએ ટ્રકો અને ભારે વાહનો બેફામ ગતિએ પસાર થઈ નાના વાહનચાલકોને અડફેટે લઈ અકસ્માત સર્જતા હોય છે. ત્યારે ગઈકાલે શનિવારે સવારે ટ્રકે રીક્ષાને અડફેટે લેતાં ચાર વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી.

# પ્રાંતિજમાં દવાની દુકાનોનો ધંધો વકર્યો

## દર્દીઓને ના જોઈતી દવાઓ પધરાવવામાં આવે છે : ડૉક્ટરોની દવા લખેલી હોવા છતાં બીજી હલકી કંપનીઓની દવા પધરાવવામાં આવે છે : ફૂડ એન્ડ ડ્રગ ઈન્સ્પેક્ટરોની હપ્તાની લ્હાયમાં રેહમ નજર

પ્રાંતિજ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે હાલ મેડિકલોમાં ચાર થી પાંચ જેટલા મેડીકલોના માલિકો પોતે જ મેડિકલો ચલાવે છે અને બીજા મેડિકલો બીજાના ઉપર ચાલે છે. ત્યારે માત્ર ફૂડ એન્ડ ડ્રગ ઈન્સ્પેક્ટરો માત્ર હપ્તાની લ્હાયમાં વેચાઈ જાય છે. ને લોકોના સ્વાર્થ સાથે જાહેરમાં છુટોદોર આપવામાં આવ્યો હોય તેવું જણાઈ આવે છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ વિસ્તારમાં હાલ ઠેર ઠેર દવાખાનાઓ પાસે કે બજારમાં આવેલ શોપિંગો દુકાનોમાં એક મેડિકલની દુકાન તો અવશ્ય જોવા મળે છે. જ્યારે ડૉક્ટરોની લખેલી દવાને બદલે મેડીકલવાળા બીજી કંપનીની દવાઓ ભટકાડી દે છે. અને કહે છે કે ખાલી કંપની અલગ છે બાકી દવા તો સેમ છે. જ્યારે પોતે મેડીકલ જાતે ચલાવવા માટે લાયસન્સ પણ ધરાવતા નથી હોતા અને બીજાના લાયસન્સ ઉપર ધંધો કરે છે અને મેડિકલમાં રાખેલ માણસો પણ માંડમાંડ આઠથી દસ ચોપડી પાસ થયેલ છોકરીઓને રાખવામાં આવે છે.

જ્યારે ઘણા મેડીકલમાં તો એટલી બધી ડસ્ટ જમા થયેલી હોય છે કે દર્દીઓને દવા આપતી વખતે ખોખુ ખંખેરવામાં આવે તો દર્દી તથા દવા આપનાર ઉપર ડસ્ટ ધુળ ઉડવાથી બન્નેને ઉધરસ આવી જાય છે. જ્યારે ધંધાની લ્હાયમાં જે તે ઘોડામાંથી કાઢેલ દવાઓ પણ તેજ ઘોડામાં તે જ સ્થળે ગોઠવવામાં આવતી નથી. અને ટેબલ ઉપર ઢગ થઈ જાય છે તો ઘણીવાર વેપાર કરવાની લ્હાયમાં ડૉક્ટરોની ચીઠ્ઠી વગર પણ દવાઓ આપવામાં આવે છે. જ્યારે આ સમગ્ર સ્થિતિથી વાકેફ હોવા છતાં ફૂડ એન્ડ ડ્રગ કમિશનરો હપ્તાની આડમાં આંખે પાટા બાંધી નરી આંખે માત્ર જોયા કરે છે. જ્યારે પ્લાસ્ટિકની કેટલીયે કંપનીઓની બોટલ ઉપર પ્રતિબંધ હોવા છતાં પણ મેડિકલો ઉપર જાહેરમાં વહેંચાય છે અને લોકોના સ્વાસ્થ્ય ઉપર આડ અસર છતાં જાહેરમાં છેડછાડ થતું હોવા છતાં ફૂડ એન્ડ ડ્રગ ઈન્સ્પેક્ટરો મૌન વ્રત ધારણ કરી બેસી ગયા છે. જ્યારે દવાની દુકાન ઉપર જાતે કોઈ ફાર્માસીસ્ટો હાજર હોતા નથી તેવો માત્ર પોતાના લાયસન્સ ભાડે આપે છે અને બીજી જગ્યાએ નોકરી કરતાં હોય છે. જેથી લોકોને ડૉક્ટરોની લખેલી હેલ્થીદવાઓ મળી રહે તે અંગેની માંગ પંથકના લોકોની ઉઠવા પામી છે.


# અરવલ્લી જિલ્લામાં કાર્બાઈડથી પકવેલી કેરીઓનું ધૂમ વેચાણ

## ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની ગંભીર બેદરકારી : આરોગ્ય વિભાગ પણ મૂકબધીર

મોડાસા, તા.૧૯

ઉનાળાના આગમન સાથે મોડાસા શહેર સહિત જિલ્લાભરના બજારમાં કેરીનું આગમન થઈ ચુકયુંછે. સાથે સાથે જિલ્લાભરમાં ઠેર ઠેર પકવેલી કેરીની લારીઓ ભરીને બજારોમાં વેચાઈ રહી છે. જિલ્લામાં રાજયના જુદા જુદા વિસ્તારો અને પરપ્રાંતીય કેરીઓનો જથ્થો ઠલવાઈ રહ્યો છે. જેમાં મુખ્યત્વે કાચી કેરીનો જથ્થો વધારે આવતો હોવાથી જિલ્લાના હોલસેલ વેપારીઓ વધુ નફો રળી લેવા પ્રતિબંધિત કાર્બાઈડ કેમીકલનો ઉપયોગ કરી કેરીને અકુદરતી રીતે પકવીને વેચી રહ્યા છે જેથી જિલ્લાના નગરજનોનું આરોગ્ય જોખમાય છે.

મોડાસા શહેર અને આજુબાજુ તાલુકાના હોલસેલ વેપારીઓ દ્વારા હજારો કિલો કાચી કેરીએ સસ્તા ભાવે આયાત કરી વધુ નફો રળી લેવા તેમની વખારોમાં પ્રતિબંધિત કેમીકલ કાર્બાઈડના જથ્થાનો ઉપયોગ કરી કેરીઓને પકવી અને કેરીના લીલા રંગમાંથી પીળા રંગ ધારણ ૧૨ કલાકમાં જ આવી જતો હોવાથી હોલસેલ વેપારીઓ અરવલ્લી જિલ્લાના પ્રજાજનોની જીંદગી જોખમમાં મુકી રહ્યા છે. ભારત સરકારે કાર્બાઈડ કેમીકલની આડઅસરો જેવી કે કેન્સર, ચામડીની બિમારી તેમજ શ્વાસ લેવામાં તકલીફ પડતી હોવાતી પ્રતિબંધ લાદી દીધો છે અને ગેરકાયદેસર કાર્બાઈડનો ઉપયોગ કરતા વેપારીઓ પર કડક કાયદાકીય કાર્યવાહી સાથે જેલ સાથે દંડની જોગવાઈ કરી હોવા છતાં ફુડ એન્ડ ડ્રગ્સનો કે આરોગ્ય વિબાગની ઐસી તૈસી કરી બેફામ ઉપયોગ કરી રહ્યા છે ત્યારે આરોગ્ય વિભાગ અને ફૂડ એન્ડ ડ્રગ્સના અધિકારીઓ અને કર્મચારીઓ હકીકત જાણતા હોવા છતાં આંખ આડા કાન કરી આવા હોલસેલ વેપારીઓ જોડે ઉઘરાણું કરી પોતાનું ઘર ભરતા હોવાની તથા જિલ્લાના લોકોની જીંદગી સામે ખીલવાડ કરી રહ્યા છે. મોડાસાના એક કેરી વેચતા લારીવાળા ફેરીયાએ જણાવ્યું કે કાર્બાઈડના ટુકડા એટલા



જવલનશીલ હોય છે કે આંખો સામે રાખતાની સાથે જ આંખો બળવાની સાથે ઉલટી ઉબકાની અસર સેંકડમાં જ જોવા મળે છે અને ઉનાળાની સિઝનમાં તો આંગળીઓના નખ અને ચામડી પણ કાર્બાઈડથી કાળી પડી જતી હોય છે. પરંતુ પરીવારનું ભરણપોષણ કરવા માટે ના છૂટકે કાર્બાઈડથી પકવેલી કેરીઓ અને કાર્બાઈડના સંપર્કમાં રહેવું પડે છે.

# આજે મોડાસા ખાતે ઉત્તર ગુજરાતનો કૃષિ મેળો અને કૃષિ પ્રદર્શન

મોડાસા, તા. ૧૯

રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આજે અરવલ્લીના મોડાસા ખાતે ઉત્તર ગુજરાતનો કૃષિ મહોત્સવ-કૃષિ પ્રદર્શન ખુલ્લુ મુકશે.

ગુજરાતમાં જગતનો તાત ગણાતા ખેડૂતો અદ્યતન કૃષિ પદ્ધતિ તથા તેમના વૈજ્ઞાનિક અભિગમ અપનાવતા થાય તેવા સર્વગ્રાહિ પ્રયાસના ભાગરૂપે કૃષિ મહોત્સવ શરૂ કરવામાં આવી રહ્યો છે. ઉત્તર ગુજરાતના મહેસાણા, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાઓના મહોત્સવનું આયોજન થઈ રહ્યું છે.

આ પ્રસંગે મંત્રી રમણલાલ વોરા, બાબુભાઈ બોખીરીરીયા, શંકરભાઈ ચૌધરી, જશાભાઈ બારડ, રજનીકાંત પટેલ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

# મોડાસામાં લાયન્સ ક્લબ દ્વારા વિકલાંગો માટે ફિલ્મ પ્રદર્શન

## લાયન્સ ક્લબ ઓફ મોડાસાની સુવર્ણજયંતિ નિમિત્તે બહેરા મૂંગા વિકલાંગ માટે અનોખી ફિલ્મનું ભવ્ય આયોજન

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરમાં વર્ષોથી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરતી ઈન્ટરનેશનલ લાયન્સ ક્લબ સંચાલિત લાયન્સ ક્લબ ઓફ મોડાસાની સુવર્ણજયંતિ નિમિત્તે વર્ષ દરમિયાન વિવિધ અને અનોખી સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરેલ છે. જેમાં ગુરૂવારે લાયન્સ ક્લબ સંચાલિત બહેરા-મૂંગા શાળાના વિદ્યાર્થીઓ તેમની લિપીમાં બહેરા-મૂંગા ડાયરેક્ટર અને કલાકારોથી નિર્માણ કરેલી અનોખી ફિલ્મ બતાવવામાં આવી હતી.

લાયન્સ ક્લબ ઓફ મોડાસા સુવર્ણ જયંતિ નિમિત્તે મોડાસા શહેર નગરપાલિકા સંચાલિત ટાઉનહોલમાં ગુરૂવારે સાંજે ૪ વાગે સ્વ. છગનલાલ શામજીભાઈ વિરાણી અને ગં.સ્વ. વૃજકુંવરબેન વિરાણી બહેરા-મૂંગા શાળા ટ્રસ્ટ રાજકોટના સહયોગથી નિર્માણ કરવામાં આવેલી ફિલ્મ જંગલ કે જેના ડાયરેક્ટર હિરેનભાઈ પંડ્યા અને કલાકારો પણ બહેરા-મૂંગા જેવા કે રાહુલ સાઠીયા અને પૃથ્વીરાજ પરમાર તેમજ કશ્યપ પંચોલી (પી.આર.ઓ.) અને હસમુખભાઈ જોષી (ટ્રસ્ટી), નિશીથ ત્રિવેદી (ટ્રસ્ટી) દ્વારા અદ્ભુત ફિલ્મ અનેક શારીરિક વિકલાંગોના વિચારોની વાચા આપતી આ ફિલ્મ મોડાસાના બહેરામૂંગા શાળાના વિદ્યાર્થીઓને બતાવવામાં આવી હતી.

આ ફિલ્મ-શૉ નિહાળવા માટે મોડાસા લાયન્સ ક્લબ દ્વારા અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ નેહાબેન પટેલ, અરવલ્લી ભાજપા પ્રમુખ ભરતસિંહ રહેવર, મહામંત્રી ધીરેન પ્રજાપતિ, કમલેશ પટેલ, ડૉ. ટી.બી. પટેલ, મનુભાઈ પટેલ (ફિલ્મના દાતા), લાયન્સ પ્રમુખ પ્રવિણ પરમાર, ડિસ્ટ્રીકમાંથી આવેલ મુખ્ય મહેમાન એલ.કે. વાઘેલા અને મહાવીરસિંહ વાઘેલા, લીયો પ્રમુખ ખીલન પટેલ, લાયોનેસ મંત્રી બકુલા વાઘેલા અને વિવિધ સંસ્થાઓના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા કનુભાઈ પટેલ, ભાવેશ જયસ્વાલ, જય અમીન તેમજ લાયન્સ ક્લબ ઓફ મોડાસાના સદસ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી. લાયન્સ ક્લબ સોસાયટી સંચાલિત બહેરા-મૂંગા શાળાના વિદ્યાર્થીઓએ અને સ્ટાફ મિત્રોએ જંગલ ફિલ્મના ડાયરેક્ટર અને કલાકારમિત્રોનો તેમની લીપીમાં અભિવાદન કર્યુ હતુ.



## મેઘરજ તાલુકામાં ૩૯૫.૨૭ લાખના વિકાસ કાર્યોનું લોકાર્પણ-ખાતમુર્હત કરાયું

ગુજરાત રાજયમાં હાથ ધરાયેલ વણથંભી વિકાસયાત્રાના ભાગરૂપે શુક્રવારે મેઘરજ તાલુકાના વિવિધ ગામોમાં જુદા જુદા વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુર્હત રાજયના પછાત વર્ગ વિકાસ બોર્ડના ચેરમેન જયંતિભાઈ બારોટના હસ્તે કરવામાં આવ્યું હતું. જેમાં મેઘરજ તાલુકાના નવ ગામમાં રૂ. ૧૩૦.૦૧ લાખના ખર્ચે ગેંડપાટિયાથી નવાગામ તેમજ નવી ઈસરી પ્રાથમિક શાળાથી નારણપુર ગામને જોડતા રૂ. ૧૦૮ લાખના ખર્ચે તૈયાર તનાર પાકા રસ્તાનું લોકાર્પણ અને ખાતમુર્હત કર્યું હતું. તેમજ મોટી પંડુલી ગામમાં રૂ. ૧૨૦.૦૧ લાખના ખર્ચે તૈયાર તનાર પુલના કામ સહિત અન્ય રૂ. ૩૭.૨૬ લાખના પ્રતિકાત્મક કામોનું લોકાર્પણ અને ભૂમિપૂજન કરી પ્રજાકીય સુવિધા માટે ખુલ્લા મુકવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મેઘરજ તાલુકા પ્રમુખ જયવંતિકાબેન, જિલ્લા વિકાસ અધિકારી સુધીર પટેલ, મેઘરજ મામલતદાર તેમજ તાલુકાના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : મુકેશ ડામોર)

# હિંમતનગરના ઈસમ સાથે ૧૫ લાખની ઠગાઈ કરનાર ચાર વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૧૯

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી જમીન, પ્લોટ અને મકાનની લેવેચ કરનારા દલાલાનો રાફડો ફાટી નીકળ્યો છે ત્યારે ઘણી વખત મૂળ માલિકો જાણે અજાણે દલાલોની લાલચમાં આવી જઈ ઘર લેતા હવેલી ખોઈ જેવા ઘાટમાં ફસાઈ જાય છે ત્યારે હિંમતનગરના એક ઈસમને સાત વીઘા જમીન વેચાણ આપવાનું કહી તેમની પાસેથી જમીન પેટે રૂા.૧૫ લીધા બાદ દસ્તાવેજ ન કરી આપતા આ ઈસમે શનિવારે બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ચાર જણા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં આવેલ રામજી મંદિર પાસે રહેતા ભાનુપ્રતાપસિંહ જયેન્દ્રસિંહ રાઠોડને બેરણાના જમીન દલાલ અલ્પેશ ઉર્ફે જીગ્નેશ દેવાભાઈ પટેલ અને પ્રાંતિજ તાલુકાના આરસોડા ગામના બળવંતસિંહ બાલુસિંહ પરમારે આરસોડા ગામના કુરવજી તીતાજી પરમાર અને રણજીતસિંહ કુવરજી પરમારની સર્વે નં.૧૨૪ અને ૧૩૩ માં આવેલ અંદાજે સાત વીઘા જમીન વેચાણથી આપવાનું કહ્યું હતું.

ત્યારબાદ જમીન માલિકો સાથે બેઠક કર્યા બાદ રૂા.૩૦.૫૧ લાખમાં જમીન વેચવાનું નક્કી થયુ હતું. જે અંતર્ગત રૂા.૧૫.૮૫ લાખ ભાનુપ્રતાપસિંહે બે જમીન માલિક અને બે દલાલોને આપ્યા હતા. ત્યારબાદ વારંવાર દસ્તાવેજ કરવા માટે કહેવામાં આવતુ હતું. તેમ છતાં આ ચારેય જણાએ તા.૬/૭/૧૨થી આજદિન સુધી જમીનના દસ્તાવેજ કરી આપ્યા ન હતા. જેથી ભાનુપ્રતાપસિંહે શનિવારે ઠગાઈ અને વિશ્વાસઘાત કરવા બદલ ચારેય જણા વિરૂધ્ધ બીડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી હતી.



## ખેડબ્રહ્મા ખાતે ધામધુમથી શનિ અમાસ ઉજવાઈ

ખેડબ્રહ્માના શ્યામનગર સ્થિત વિશ્વકર્મા, ચામુંડા માતા તથા શનિદેવના મંદિરે શનિદેવની મહાપૂજા, અભિષેક તથા સત્યનારાયણની કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંદિરને ફુલહારથી શણગારવામાં આવ્યું હતું. શનિદેવની મહાપુજા તથા અભિષેકનો ધર્મલાભ જીજ્ઞાષાબેન જતીનકુમાર સુથાર ખેડબ્રહ્મા તથા સત્યનારાયણ કથાનો ધર્મલાભ સંધ્યાબેન ભરતકુમાર સુથારે લીધો હતો. આ ધાર્મિક ઉત્સવમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતાં.

(તસવીર : રમેશ વૈષ્ણવ)

# સામાજિક કાર્યોથી સમાજ સંગઠિત બને છે : સ્વામી અનંતતિર્થ મહારાજ

હિંમતનગર, તા.૧૯

ભારતની હિંદુ સંસ્કૃતિમાં વિવિધ સમાજોનું નિર્માણ થયુ છે ત્યારે સામાજિક કાર્યો તથા સંગઠન શકિતથી સમાજ મજબુત બની શકે છે તેમ હિંમતનગર ખાતે રવિવારે ભટ્ટ મેવાડા સમાજના અધિવેશનમાં સિધ્ધ દત્તપીઠના સ્વામી અનંતતિર્થ મહારાજે આર્શીવચન આપતા જણાવ્યુ હતું.

હિંમતનગરની મોડાસીયા કડવા પાટીદારવાડીમાં ભટ્ટ મેવાડા બ્રહ્મ સમાજ ફેડરેશન ગાંધીનગર, ભટ્ટ મેવાડા જ્ઞાતિ હિત વર્ધક મુંબઈ અને ભટ્ટ મેવાડા સમાજ હિંમતનગરના સંયુકત ઉપક્રમે હિંમતનગર ખાતે સપ્તમ સંમેલન યોજાયુ હતું. અધ્યક્ષ તરીકે વૈદહીબેન સતિષકુમાર જોષી, સાબરકાંઠા અરવલ્લી જિલ્લા વીજળી કોન્ટ્રાકટર મંડળના પ્રમુખ જીગ્નેશકુમાર હરકિશન જોષી સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઈડર તાલુકાના મસાલ સિધ્ધ દત્તપીઠના સ્વામી અનંતતિર્થ મહારાજે આર્શીવચન આપ્યા હતા. સપ્તમ સંમેલનના ભાગરૂપે એક કરોડ મંત્ર લેખન મહાઅભિયાન, યુવાનોમાં સંસ્કાર અને સર્વાંગી વિકાસ માટેની પ્રવૃતિઓ સહિત સામાજિક સુધારણા માટેના પ્રયાસો માટે સુચનો આવકારવામાં આવ્યા હતા. રમેશભાઈ જોષી, મહેશભાઈ જોષી, ભરતભાઈ પંડયા, વિભાકરભાઈ ભટ્ટ, નીતીન પંડયા સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર — TATA — ઓથોરાઈઝ્ડ ડીલર — Castrol — EXIDE INDUSTRIES LIMITED — BRIDGESTONE PASSION for EXCELLENCE — JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD — Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧